


**માધવ મલ્હાર**

**તપન ત્રિવેદી**

રામાયણ એક મહાકાવ્ય છે. સનાતન ધર્મનો શાશ્વત ગ્રંથ છે. એ રામ-રાવણના યુધ્ધની માત્ર કથા જ નથી. એમાં માનવજીવન, સમાજ, ધર્મ, અધ્યાત્મ, ફરજ અને સમર્પણની ભવ્ય ગાથાનું નિરૂપણ છે. ગાન છે. એનાં પ્રત્યેક પાત્રો, પ્રત્યેક પ્રસંગો માનવજીવનને અનોખો પ્રેરક સંદેશ આપે છે. એ સંદેશ વૈશ્વિક છે. સર્વકાલીન છે. આથી જ હજારો વર્ષો પછી પણ એની વાતો આપણને વિદિત હોવા છતાં એ વારંવાર સાંભળવી ગમે છે. અનેક મહાપુરુષોએ, વિદ્વાનોએ, કથાકારોએ નિજી દર્શન રજૂ કર્યું છે. એ દર્શન આપણને એક નવી જ દિશા ચીંધે છે. આપણા જીવનમાં આપણને એક યા અન્ય રીતે ઉપકારક બને છે. એટલું જ નહીં, આપણી શ્રદ્ધા અને શાંતિને પ્રબળ બનાવે છે.

અત્રે એના જ એક પ્રસંગની છણાવટ કરવાની મને પ્રેરણા થઈ છે તે રજૂ કરું છું.

યુધ્ધમાં રાવણના પરાજય પછી રામ સ્વયં રાવણને મળ્યા અને કહ્યું: ‘‘રાવણ તું આટલો બધો વિદ્વાન અને શક્તિશાળી હોવા છતાં તારો પરાજય કેમ થયો?’’

રાવણે કહ્યું: ‘‘રામ, તારો ભાઈ તારી સાથે છે. મારો ભાઈ મને છોડી ગયો.’’

રાવણનો પ્રત્યુતર અનેક અર્થછાયાઓ રજૂ કરે છે. રામના ભાઈ લક્ષ્મણે પણ રાજપાટ છોડી રામની સાથે વસવાટ સ્વીકારી લીધો. આ હકીકત આપણી સાંપ્રતકાલીન સામાજિક પરિસ્થિતિ પ્રત્યે દિવ્ય અને પ્રેરક સંદેશ આપે છે. ભાઈ-ભાઈ પ્રત્યેનો કેવળ સ્નેહ. નિરપેક્ષ સ્નેહ. આત્મીયતા. પહેલાંના સમયમાં મોટો ભાઈ પિતાતુલ્ય- પૂજ્ય- આદરણીય ગણાતો. મોટા ભાઈની વાતો સ્વીકાર્ય બનતી. ભાઈ-ભાઈ વચ્ચે કોઈ પણ જાતની ગણતરી નહોતી રહેતી. અહીં લક્ષ્મણે પણ વિના વિલંબે, રામની સેવા કરવા, રામની સાથે પોતે પણ વનવાસ સ્વીકારી લીધો. સમગ્ર વનવાસ દરમ્યાન તેણે રામની અનન્ય સેવા કરી અને ભ્રાતૃભાવનાનું ઉત્તમ, ઉદાર અને ઉદાત્ત ઉદાહરણ પૂરું પાડ્યું જે આજે હજારો વર્ષો પછી પણ સમયના આ પ્રલંબ પટ પર ઝૂલી રહ્યું છે.

રાવણનો ભાઈ વિભીષણ ભલે રાક્ષસ કુળમાં જન્મ્યો હોવા છતાં રામભક્તિ તેની રગેરગમાં વહી રહી હતી. રાવણને જ્યારે તેની રામભક્તિની જાણ થઈ ત્યારે તેને દેશદ્રોહી કહી રાજમહેલમાંથી કાઢી મૂક્યો. વિભીષણે પણ રાજમહેલનો ત્યાગ કરી રામનું શરણું સ્વીકારી લીધું. રામની ભક્તિને અતૂટ અને અડગ રાખી.

હું એમ સમજું છું કે આપણા જીવનમાં, આપણી આધ્યાત્મિકતામાં, ભક્તિમાર્ગમાં જે કોઈ સ્વજનો, મિત્રો, સ્નેહીઓ, અવરોધરૂપ બનતાં હોય તો તેનો વિના વિલંબે ત્યાગ કરી દેવો. કૌટુંબિક, સામાજિક પરિપ્રેક્ષ્યમાં વિચારીએ તો ત્યાગ શક્ય ન હોય તો તે પ્રત્યે ઉદાસીનતા દાખવી મૌન રહેવું. આપણી આધ્યાત્મિકતાને, આપણા સત્કાર્યને, આપણા ઈશ્વરીય સ્મરણના લયને અતૂટ અને અવિરત રાખવાં.

વળી આપણાં ઘરમાં જો કોઈ વ્યક્તિ અધ્યાત્મપરાયણ હોય, ઈશ્વરની શરણાગતિ સ્વીકારી તેની રીતે ઉપાસના કરતો હોય, સત્કાર્ય કરતો હોય તો તેને શક્ય તેટલું પ્રોત્સાહન આપવું. એને મદદ કરવી. પણ તેનો વિરોધ કરી અવરોધરૂપ તો કદી ન બનવું. આપણો એ વિરોધ-અવરોધ ઈશ્વર સુધી પહોંચે છે ને ઈશ્વરની અવકૃપા આપણા પર ઊતરે જ ઊતરે.

> **આપણા ઘરમાં જો કોઈ વ્યક્તિ અધ્યાત્મપરાયણ હોય, ઈશ્વરની શરણાગતિ સ્વીકારી તેની રીતે ઉપાસના કરતો હોય, સત્કાર્ય કરતો હોય તો તેને શક્ય તેટલું પ્રોત્સાહન આપવું**

વિભીષણે રામભક્તિ અતૂટ રાખી, પરિણામે હનુમાન મળ્યા. હનુમાનના પ્રતાપે અને પ્રભાવે તેને રામ મળ્યાં. વિભીષણ રામકાર્યમાં મદદરૂપ થયા. રામના વિજયમાં અને રાવણના પરાજયમાં વિભીષણ સહભાગી થયા.

આપણા સંપર્કમાં આવતી રહેતી વ્યક્તિઓને આપણે નિષ્કામ ભાવે સતત આપણાથી બનતી મદદ કરતા રહીએ. તેને બે શબ્દોથી પ્રોત્સાહિત કરતાં રહીએ એ પણ માનવીય કાર્ય જ છે. આપણા પ્રોત્સાહનથી જે તે વ્યક્તિને હિંમત, બળ, શ્રધ્ધા મળે, દિશા મળે તો ઈશ્વરની પ્રસન્નતાના પારાવારની આપણને અવશ્ય અનુભૂતિ થશે જ. કારણ એ પણ માનવીય કાર્ય છે. ઈશ્વરને એવાં અનેક માનવીય કાર્યો પસંદ છે. આ એક ખૂબ જ સરળ અને સહજ હકીકત છે ઈશ્વરની પ્રસન્નતા પામવાની. મનુષ્ય એ ધ્યાનમાં રાખે તો કુટુંબ, સમાજ, રાષ્ટ્ર અને વિશ્વમાં શાંતિ પ્રસરે. આપણે શરૂઆત કરીએ અને અનુભવ કરીએ.

# ભગવન્નામ-કીર્તન

## ભક્તિનો સરળ ઉપાય-ચૈતન્ય મહાપ્રભુ

**ધર્મ મર્મ**

**શ્રીજીવ વ્યાસ**

શ્રીકૃષ્ણના પ્રેમભાવપૂર્ણ નામ સંકીર્તનથી 15 મી સદીના મધ્યકાલીન કાળમાં ભક્તિમાર્ગના આંદોલનના માધ્યમથી તત્કાલીન હિંદુ સમાજને જાગૃત કરવામાં ચૈતન્ય મહાપ્રભુજીનું અદભુત યોગદાન છે. ભક્તિ સિદ્ધાંતમાં દ્વૈત અને અદ્વૈતનો ખૂબ સુંદર સમન્વય સાધનાર ચૈતન્ય મહાપ્રભુના મતે ભગવન્નામ જપ અને કીર્તન મુખ્ય અને સરળ ઉપાય છે. શ્રીકૃષ્ણ નામ સંકીર્તનને દેશભરની ગલીઓ અને મંદિરોમાં તથા કાળક્રમે વિદેશોમાં ગુંજતું કરનાર ચૈતન્ય મહાપ્રભુની ફાગણ સુદ પૂનમે જન્મજયંતી છે. શંકરાચાર્યજીનો અદ્વૈતવાદ, મધ્વાચાર્યનો દ્વૈતવાદ, નિંબાકૉચાર્યનો દ્વૈતાદ્વૈત, વલ્લભાચાર્યનો શુદ્ધાદ્વૈત, રામાનુજાચાર્યનો વિશિષ્ટાદ્વૈતવાદ પ્રચલિત છે.

ચૈતન્ય મહાપ્રભુએ અચિંત્ય ભેદાભેદનું પ્રવર્તન કર્યું પરંતુ પ્રામાણિક રૂપે તેમનો કોઈ ગ્રંથ ઉપલબ્ધ નથી. અન્ય સંપ્રદાયોના પ્રવર્તકોએ પોતાના મતની પુષ્ટિ માટે ભાષ્ય અને અન્ય ગ્રંથો લખ્યા છે જ્યારે ચૈતન્યએ બ્રહ્મસૂત્ર,ગીતા વગેરે પર પણ ભાષ્ય લખ્યા નથી. આશ્ચર્યની વાત એ છે કે ભાષ્ય વગેરેની રચના ન કરી હોવા છતાં મહાપ્રભુ ચૈતન્યને એક પ્રભાવશાળી સંપ્રદાયના પ્રવર્તક માનવામાં આવે છે. આવું એ કારણે સંભવ બન્યું હોઈ શકે કે તેમનો મત ખૂબ જ ભાવાત્મક રહ્યો છે એટલે સામાન્ય લોકોનું મોટા પ્રમાણમાં સમર્થન મળી ગયું એમ કહી શકાય કે ચૈતન્ય મહાપ્રભુનું આચાર્યત્વ શાસ્ત્ર વિશ્લેષણ પર એટલું આધારિત નથી જેટલો તેનો વ્યવહારિક પ્રભાવ પર આધાર છે. જો કે તેમના શિષ્યોએ એ શાસ્ત્રીય આધારના અભાવને પણ પૂર્ણ કર્યો. ભક્તિને આધાર બનાવી ચૈતન્યે કોઈ નવી પરંપરા નથી ચલાવી તો પણ ભાવવિભોરતાને ભક્તિમાં એટલી તો પુષ્ટ કરી કે અન્ય કોઈએ કરી હોવાનું જાણમાં નથી. ચૈતન્ય મહાપ્રભુએ વખતોવખત આઠ શ્લોક કહ્યા તે તમામ ચૈતન્ય મહાપ્રભુ રચિત જણાવાય છે. તેમના ભક્તોમાં આ આઠ શ્લોક શિક્ષાષ્ટક નામથી ખૂબ જ લોકપ્રિય છે. ચૈતન્યની વિચારધારા પર ‘પંચરાત્ર સાહિત્ય’, ‘ભાગવત પુરાણ’ તથા ‘ગીત ગોવિંદ’નો સર્વાધિક પ્રભાવ છે. શિક્ષાષ્ટકનો ભાવ એવો છે કે,’મનુષ્યએ પોતાના જીવનનો વધુમાં વધુ સમય ભગવાનના સુમધુર નામોના કીર્તનમાં વિતાવવો જોઈએ. તે અંતઃકરણની શુદ્ધિનો સૌથી ઉત્તમ અને સુગમ ઉપાય છે. કીર્તન કરતી વખતે તે પ્રેમમાં એટલો તલ્લીન થઈ જાય કે તેની આંખમાંથી આંસુઓની ધારા વહેવા લાગે, તેની વાણી ગદગદ થઈ જાય અને શરીર પુલકિત થઈ જાય. ભગવન્નામનું કીર્તન કરનાર પોતાને તણખલાથી પણ નાનો સમજે. વૃક્ષથી પણ વધુ સહનશીલ બને અને સ્વયં ‘અમાની’ બની બીજાને માન આપે. ભગવન્નામના ઉચ્ચારણમાં દેશકાળનું કોઈ બંધન નથી. જે જ્યાં, જ્યારે ઈચ્છે ત્યારે ભગવન્નામનું ઉચ્ચારણ કરી શકે છે. ભગવાને પોતાની તમામ શક્તિ અને પોતાનું તમામ માધુર્ય પોતાના નામોની અંદર સમાવી લીધું છે.


એમ તો ભગવાનના તમામ નામ મધુર અને કલ્યાણકારી છે પરંતુ ‘હરે કૃષ્ણ, હરે કૃષ્ણ, કૃષ્ણ કૃષ્ણ હરે હરે’.

‘હરે રામ, હરે રામ, રામ રામ હરે હરે’.

આ મહામંત્ર સૌથી વધુ લાભકારી અને ભગવત પ્રેમને વધારનાર છે. ભગવન્નામનું શ્રદ્ધા વગર ઉચ્ચારણ કરવાથી પણ મનુષ્ય દુનિયાનાં દુઃખોથી છૂટીને ભગવાનના પરમધામનો અધિકારી બની જાય છે.

જો કે ચૈતન્ય મહાપ્રભુએ જણાવ્યું છે કે ભગવાનના નામના ઉચ્ચારણ સાથે ભક્તોએ દૈવી સંપદા મેળવવી જોઈએ. જે અંતર્ગત દયા, અહિંસા, સત્ય, સમતા, ઉદારતા, મૃદુતા, અનાસક્તિ, પરોપકાર, નિષ્કામતા, ચિત્તની સ્થિરતા, પરોપકાર, મૈત્રી, તેજ વગેરે.

ચૈતન્યના મતે બ્રહ્મનું સ્વરૂપ વિશુદ્ધ આનંદઆત્મક છે. બ્રહ્મ વિશેષ છે અને તેની અન્ય શક્તિઓ વિશેષણ છે. શક્તિઓથી વિશિષ્ટ બ્રહ્મને જ ભગવાન કહેવામાં આવે છે. બ્રહ્મ, ઈશ્વર, ભગવાન અને પરમાત્મા આ બધા એક જ તત્ત્વ છે. અચિંત્ય ભેદાભેદવાદી આચાર્યોએ પોતાના ગ્રંથોમાં જે તત્ત્વને ઈશ્વર કહ્યું છે તે બ્રહ્મ જ છે. ઈશ્વર એક અને બહુભાવથી અભિન્ન હોવા છતાં પણ ગુણ અને ગુણો તથા દેહ અને દેહી ભાવથી અલગ છે. ગુણ અને ગુણીને પરસ્પર અભેદ પણ માનવામાં આવે છે. એટલા માટે બ્રહ્મ ગુણાત્મા પણ કહેવાય છે. ભેદ જળ અને તેના તરંગોની ભિન્નતા જેવો છે.



> **બ્રહ્મ વિશેષ છે અને તેની અન્ય શક્તિઓ વિશેષણ છે. શક્તિઓથી વિશિષ્ટ બ્રહ્મને જ ભગવાન કહેવામાં આવે છે. બ્રહ્મ, ઈશ્વર, ભગવાન અને પરમાત્મા આ બધા એક જ તત્ત્વ છે**

જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લયનો આધાર પણ બ્રહ્મ જ છે. એ જ જગતના ઉપાદાન તથા નિમિત્ત કારણ છે. બ્રહ્મની ત્રણ શક્તિઓ માનવામાં આવે છે. પરા, અપરા અને અવિદ્યા.

પરાશક્તિને કારણે બ્રહ્મ જગતનું નિમિત્ત કારણ છે તથા અપરા અને અવિદ્યા(માયા) શક્તિને કારણે બ્રહ્મ જગતનું ઉપાદાન કારણ માનવામાં આવે છે. અભિવ્યક્તિની દ્રષ્ટિએ બ્રહ્મની શક્તિના ત્રણ રૂપ છે.

ચૈતન્યના મતે બ્રહ્મ ઐશ્વર્ય અને માધુર્ય બંને ગુણોથી યુક્ત છે. ચૈતન્ય મહાપ્રભુએ ભાવપૂર્ણ કૃષ્ણ કીર્તનનું જગાવેલ ભક્તિ આંદોલન આજે પણ દેશવિદેશના ભક્તોને આકર્ષે છે.

પ્રેમ ભાવપૂર્વક કરવામાં આવતા કીર્તનથી ભક્તો ભાવવિભોર બની પરમ આનંદની અનુભૂતિ, તૃપ્તિ, શાંતિ અનુભવે છે. ઈદં ન મમ’.